©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

*PUBLISHED BY AUTHORITY*

VOL. LXVI ] THURSDAY, 18th DECEMBER, 2025/AGRAHAYAN 27, 1947 [ Issue No. 51

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

# PART-I



| PART - I | Pages | PART - I - B | Pages |
|---|---|---|---|
| Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc., | 1081-1096 | (Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement. | Nil |
| | | **PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc., | 5481-5656 |
| **PART - I - A** Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts., | Nil | **PART - III** Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc., | Nil |

# Government Notifications, Orders Appointments, etc.

## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

## NOTIFICATION

### Miscellaneous Notifications appointments etc.

## By the Principal District Judge

***Read :***

(1) *Government of Gujarat, General Administration Department Notification No. : FOA/1092/UO-307/G.2 dated 24-02-1993.*

(2) *Relieve request of Mr. A. R. Padariya, Assistant, being dated 27-11-2025.*

(3) *Report being dated : 26-11-2025 of i/c. Deputy Registrar, Principal Senior Civil Court, Jamnagar.*

(4) *Submission of Registrar, dtd. 27-11-2025 District Court, Jamnagar.*

## OFFICE ORDER

No. B/603/2025.-Mr. Aniket Rameshbhai Padariya working in the cadre of Assistant (Group-C) in 8th Additional Senior Civil Court, Jamnagar, on the establishment of District Court, Jamnagar has requested the undersigned to relieve him from present service of Assistant (Group-C) with effect from 03-12-2025. A.O.H. vide his request cited in the preamble at Sr. No. 2 as he has been selected in the cadre of Junier Clerk in the Office of ''વ્યવસ્થાપકશ્રી, સરકારી મુદ્રણાલય અને લેખનસામગ્રી, રાજકોટ'', vide Office order No. મકમ-૨/૨૦૨૫-૨૦૨૬/૩૬૪૦, સરકારી મુદ્રણ અને લેખનસામગ્રી, બ્લોક નંબર-૮, ચોથોમાળ, સેકટર-૧૧, ઉદ્યોગભવન, ગાંધીનગર'', dated-18-11-2025.

In this connection, considering the report of i/c Deputy Registrar, Principal Senior Civil Court, Jamnagar cited in the preamble at Sr. No. 3 and Submission of Registrar, District Court, Jamnagar cited in the preamble at Sr. No.4, the undersigned is pleased to pass following Order :

The Request of Mr. Aniket Rameshbhai Padariya, Assistant (Group-C) is hereby granted and he is ordered to be relieved from his present post and service of Assistant w.e.f. 03-12-2025 A.O.H., so as to enable him to resume his duty as an Junior Clerk in the Office of ''વ્યવસ્થાપકશ્રી, સરકારી મુદ્રણાલય અને લેખનસામગ્રી, રાજકોટ''.

Mr. Aniket Rameshbhai Padariya, Assistant (Group-C), is not entitled for Lien of his present post as he has not been confirmed in the post of Assistant (Group-C).

The Posting Order vice Mr. Aniket Rameshbhai Padariya, Assistant (Group-C) will be made hereafter.

Jamnagar, 27 November, 2025.

**N. R. Joshi**
Principal District Judge,
Jamnagar.

## જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

**ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ**

## જાહેરનામું

ના. મેજી/પોલ-૧/નો ડ્રોન ફલાય ઝોન/જાહેરનામું/૧૧/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજના તા. ૧૯-૧૧-૨૦૨૫વાળા પત્રની વિગતે આગામી તા. ૨૦-૧૧-૨૦૨૫ થી તા. ૨૧-૧૧-૨૦૨૫ દરમિયાન ભારતના માનનીય કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી કચ્છ જિલ્લાની સંભવિત મુલાકાતે પધારનાર છે. મહાનુભાવશ્રીનાઓની સંભવિત મુલાકાત કાર્યક્રમ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુથી કચ્છ જિલ્લાના પશ્ચિમ કચ્છ પોલીસ હદ વિસ્તારમાં આવતા સમગ્ર વિસ્તારને ''નો ડ્રોન ફ્લાય ઝોન'' જાહેર કરવા દરખાસ્ત રજુ થયેલ છે જે ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું આનંદ પટેલ, (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩થી મને મળેલ સત્તાની રૂએ કચ્છ જિલ્લાના પશ્ચિમ કચ્છ પોલીસ હદ વિસ્તારમા આવતા સમગ્ર વિસ્તારને તા. ૨૦-૧૧-૨૦૨૫ થી તા. ૨૧-૧૧-૨૦૨૫ સુધી દિન-૦૨ માટે ''નો ડ્રોન ફલાય ઝોન'' જાહેર કરૂં છું. રીમોટ કન્ટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન, ક્વાડકોપ્ટર (Quadcopter), પાવર્ડ એરક્રાફ્ટ (Powered Aircraft) તેમજ માનવ સંચાલિત માઈક્રોલાઈટ એરક્રાફ્ટ (Microlight Aircraft), હેંગ ગ્લાઈડર/પેરાગ્લાઈડિંગ (Hang Glider/ Paragliding), પેરા મોટર (Para Motor), પેરા જમ્પીંગ (Para Jumping) તથા હોટ એર બલુન (Hot Air Balloons) ઉપરોક્ત વિસ્તારમાં ઉડાવવા પર પ્રતિબંધ જાહેર કરવામાં આવે છે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

તમામને વ્યકિતગત રીતે જાહેરનામાની બજવણી કરવી શકય ન હોઈ આથી એક તરફથી હુકમ કરું છું. જાહેર જનતાની જાણ સારૂ તે વિસ્તારમાં પોલીસ દ્વારા લાઉડ સ્પીકર વાહનો મારફતે તેમજ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી મારફતે પ્રસિધ્ધી કરાવવી.

આ જાહેરનામામાંથી મુકિત આપવા માટેના અધિકારો પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજને રહેશે.

આજ રોજ તા. ૧૯-૧૧-૨૦૨૫ ના રોજ મારી સહી અને કચેરીનો સિક્કો કરી બહાર પાડ્યું.

કચ્છ-ભુજ, ૧૯ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

**આનંદ પટેલ**
જિલ્લા મેજીસ્ટ્રેટ
કચ્છ-ભુજ

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

**વિષય :** ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી/Glass coated nylon tread/ ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ)નાં ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ઉપયોગ રોકવા અંગે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું.

**વંચાણે લીધા :**

(૧) ગૃહ વિભાગના પત્ર ક્રમાંક : HD/MIS/e-file/8/2025/0778/ SB2, તા. ૧૭-૦૯-૨૦૨૫ તથા HD/MIS/e-file/8/2025/0778/ SB2, તા. ૦૭-૧૧-૨૦૨૫

(૨) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામું/ ચાઈનીઝ માઝા/પ્લા. દોરી/૧૦૯૯/૨૦૨૫, તા. ૧૯-૧૧-૨૦૨૫.

## જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/૧૦૩૫/૨૦૨૫.-(૧) વંચાણે લીધા ક્રમ-૧ ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા. ૧૭-૦૯-૨૦૨૫ તથા તા. ૦૭-૧૧-૨૦૨૫ના પરિપત્રોથી નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષની અન્ય રીટ પીટીશન (પી.આઈ.એલ.) નં. ૨૫૩/૨૦૧૬માં નામ. ગુજરાત હાઈકોર્ટના તા. ૧૩-૦૧-૨૦૧૭ ના હુકમથી ચાઈનીઝ માંઝા/નાયલોન/ પ્લાસ્ટીક દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીંગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનિકારક પદાર્થોના ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

(૨) વધુમાં નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ, નવી દિલ્હી સમક્ષની ઓરીજીનલ એપ્લીકેશન નં. ૩૮૪/૨૦૧૬ તથા ૪૪૨/૨૦૧૬, ખાલીદ અશરફ વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા અને અન્યોના કેસમાં તા. ૧૧-૦૭-૨૦૧૭ ના હુકમથી આપેલ ડાયરેકશન અન્વયે પતંગ ચગાવવાના નાયલોન અથવા અન્ય સિન્થેટીક માંઝા, સિન્થેટીક પદાર્થોથી કોટીંગ કરેલ હોય અને નોન-બાયોડીગ્રેડેબલ હોય તેવી દોરી ચાઈનીઝ માંઝા પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે તથા આ પ્રતિબંધનો ભંગ કરનાર વિરૂધ્ધ પાર્યવરણ સુરક્ષાધારો (Enviroment (Protecton) Act, 1986) પ્રાણી પર ક્રુરતા નિવારણ ધારો (Prevention of Cruelty of Animal Act, 1960) વન્યજીવન સંરક્ષણ ધારો (Wildlife (Protection) Act, 1972) તથા ભારતીય ફોજદારી ધારો (The Indian Penal Code, 1860) હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવા જણાવેલ છે.

(૩) વંચાણે લીધા ક્રમ-૨નાં પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના તા. ૧૯-૧૧-૨૦૨૫નાં પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામુ/ચાઈનીઝ માઝા/ પ્લા. દોરી/૧૦૯૯/૨૦૨૫ થી ''સ્કાય લેન્ટર્ન'' (ચાઈનીઝ તુક્કલ) તેમજ ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીકની દોરીનાં ઉપયોગથી પશુ પંખી તેમજ પર્યાવરણને થતા નુકશાન, આગ જની કે તેવી અન્ય કોઈ દુર્ઘટના ન બને તે બાબતને લક્ષમાં લઈ નામ.ગુજરાત હાઈકોર્ટ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલનાં હુકમો અન્વયે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ અમરેલી જિલ્લાનાં વિસ્તારમાં ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી// ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન(તુક્કલ)/Glass coated nylon tread/ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ)નાં ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ઉપયોગ રોકવા તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીંગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા હાનિકારક પદાર્થોના ઉપયોગ પર પ્રતિબંધ મુકવા જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત આવેલ છે.

ઉક્ત વિગતે નામ. ગુજરાત હાઈકોર્ટ, નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલનાં હુકમો તેમજ ગૃહ વિભાગની વખતો વખતની માર્ગદર્શક સુચનાઓનાં અમલીકરણ માટે તથા અકસ્માતના બનાવો ન બને અને જાહેર જનતાની સલામતી માટે અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી/Glass coated nylon tread/ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુકકલ)નાં ઉત્પાદન, સંગ્રહ, વેચાણ અને ઉપયોગ રોકવા, તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીંગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમં લેવાતા અન્ય હાનિકારક પદાર્થોના ઉપયોગ પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

સબબ, હું, દિલિપસિંહ ગોહિલ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂઈએ અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના કૃત્યોનું ચુસ્તપણે પાલન કરવા માટે ફરમાવું છું.

**: પ્રતિબંધ :**

A. ચાઈનીઝ માંઝા નાયલોન પ્લાસ્ટીક દોરી, Glass coated nylon thread (કાચ પાયેલી) તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીંગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા હાનિકારક પદાર્થોના ઉપયોગ કરી શકાશે નહિ તથા તે માટેની જરૂરી સામગ્રીનો કોઈપણ વેપારી, વ્યકિત કે સંસ્થાએ ખરીદ, વેચાણ, બક્ષીસ, ભેટ કે ઉપયોગ કરવો નહિ.

B. પતંગ ચગાવવાના નાયલોન અથવા અન્ય સિન્થેટીક માંઝા, સિન્થટીક પદાર્થોના કોટીંગ કરેલ હોય અને નોન બાયોડીગ્રેડેબલ હોય તેવી દોરી ચાઈનીઝ માંઝાનો ખરીદી, વેચાણ, બક્ષીસ, ભેટ કે ઉપયોગ કરવો નહી.

C. સસ્તા કાગળમાંથી બનેલ સ્કાય લેન્ટર્સ (ચાઈનીઝ તુકકલ) કે જેમાં મીણના ચોસલા બળતણ તરીકે વપરાય આગ ઉત્પન્ન કરે તેવા તુકકલનો કોઈપણ વેપારી, વ્યકિત કે સંસ્થાએ ખરીદ, વેચાણ, બક્ષીસ, ભેટ કે ઉપયોગ કરવો નહિ કે આવા સ્કાય લેન્ટર્ન ઉડાવવા નહી.

D. ધાતુના તાર કે મેગ્નેટીક ઓડીયો ટેપ દ્વારા પતંગ ઉડાવવા કે પતંગ ઉડાવવાના હેતુસર કોઈપણ વેપારી વ્યકિત કે સંસ્થાએ ખરીદ વેચાણ સંગ્રહ, બક્ષીસ, ભેટ કે ઉપયોગ કરવા સહીતની તમામ પ્રવૃત્તી ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

E. નામ. ગુજરાત હાઈકોર્ટના તા. ૨૨-૧૨-૨૦૧૫ તથા તા. ૧૩-૦૧-૨૦૧૭ ના હુકમ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ દ્વારા તા. ૧૧-૦૭-૨૦૧૭ ના હુકમથી આપવામાં આવેલ સૂચનાઓ તથા માર્ગદર્શિકાઓનું સંપૂર્ણ પાલન કરવાનું રહેશે.

F. કોઈપણ વ્યકિતએ જાનનું જોખમ થાય તે રીતે જાહેરમાર્ગ, રસ્તા, ફુટપાથ તેમજ ભયજનક ધાબા/અગાશીઓ પર પતંગ ઉડાવવા નહી કે પકડવા દોડવું નહીં.

G. જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાવવા નહી.

H. કપાયેલ પતંગો અને દોરાઓ મેળવવા માટે હાથમાં લાંબા ઝંડાઓ, વાસનાં બાંબુઓ, લાંબી વાંસની પટ્ટીઓ, લોખંડના કે કોઈપણ ધાતુનાં તારનાં લંગર બનાવીને આમ-તેમ શેરીઓ, ગલીઓ જાહેર રસ્તાઓ ઉપર દોડાદોડી કરવા ઉપર તેમજ ટેલીફોન કે ઈલેકટ્રીકનાં તાર ઉપર લોખંડ કે કોઈપણ ધાતુના તાર, લંગર (દોરી) નાખવા ઉપર તેમજ તારમાં ભરાયેલ પતંગો કે દોરી કાઢવા નહી.

I. કોઈ પણ જાહેર માર્ગો ઉપર ઘાસચારાનું વેચાણ કરવા ઉપર તેમજ જાહેર રસ્તા ઉપર ગાયો/પશુઓને ઘાસચારો નાંખી ટ્રાફીક અવરોધ ઉભો કરવો નહી.

J. આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં સ્પીકર વગાડવા નહી.

K. પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચોખાના લોટ, મેંદો, છોડ આધારીત ગુંદર અને અન્ય સમાન કુદરતી ઘટકો જેવા કુદરતી એડહેસિવની મદદથી કાચના પાવડરનું કોટીંગ કરેલ ઓછી તીક્ષ્ણ શકિત ધરાવતો કોટનનો માંજો, જે સંપૂર્ણપણે તુટી શકે તેવો હોય અને પરંપરાગત પ્રક્રિયા દ્વારા બનાવવામાં આવેલ હોય તથા તેમાં તમામ ઘટકો બાયો-ડીગ્રેબલ પદાર્થો હોવા જોઈએ તથા કોટનના દોરા પર કોટીંગ માટેનો કાચનો પાવડર ૧૦% થી વધુ ન હોવો જોઈએ, જ્યારે ઉકાળેલા ચોખાનો સ્ટાર્ચ ૩૦%, મેંદો ૩૬%, કુદરતી ગુંદર અને રંગ ૨૪% કોટેડ સામગ્રીનો હોઈ શકે તથા કાચનો પાવડર, જે કોટીંગ પદાર્થનો ૧૦% હોઈ શકે છે, પરંતુ તે કોટનના માંજાના કુલ વજનના ૦.૫% થી વધુ ન હોવું જોઈએ તેવો કોટનનો માંજો/દોરી વાપરી શકાશે.

**અમલવારીનો સમયગાળો :**

આ હુકમ તા. ૨૪-૧૧-૨૦૨૪ થી તા. ૨૦-૦૧-૨૦૨૬ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

**અમલવારીનો વિસ્તાર :**

આ હુકમ અમરેલી જિલ્લાનાં સમગ્ર વિસ્તારમાં લાગુ પડશે.

**શિક્ષા :**

આ હુકમનો ભંગ અથવા ઉલંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ની જોગવાઈ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે. તેમજ આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ફરજ પરનાં કોઈ પણ હેડ કોન્સટેબલ કે તેથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

**જાહેર વિજ્ઞપ્તિ :**

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/ કરાવવી શકય ન હોઈ આથી એક તરફી ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીએ નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધ કરાવવા તેમજ નાગરીકોને સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરાવવાની રહેશે.

આજ તા. ૨૪, નવેમ્બર સને-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

અમરેલી, ૨૪ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

**દિલિપસિંહ ગોહિલ**
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અમરેલી.

**ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું**

## જાહેરનામું

નાં. મેજી/પોલ-૧/જાહેરનામું/૩૭(૧)/૧૧/૨૦૨૫.-કચ્છ જિલ્લામાં યોજાનાર ધાર્મિક તહેવારો/મેળાઓ તથા ઉત્સવોની ઉજવણી નજરે જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતી જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

આથી હું ડી. પી. ચૌહાણ, (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૧૮-૧૧-૨૦૨૫ થી તા. ૦૨-૧૨-૨૦૨૫ સુધી બન્ને દિવસો સહિત નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહીં.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહીં.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહીં.

(છ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા નહીં.

(જ) જો છટાદાર ભાષણ આપનાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી સુરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવો નહીં.

**આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહીં.**

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજા કોઈ વ્યક્તિઓને.

**અનુસૂચિ : ''સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર''**

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫ (૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે. આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજરોજ તા. ૧૭-૧૧-૨૦૨૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૧૭ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

---

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો

### હુકમ

નં. મેજી/પોલ-૧/જાહેરનામું/આવેદનપત્ર/૧૧/૨૦૨૫.-જિલ્લાના જાહેર સ્થળોએ વગર પરવાનગીએ રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતા નાગરિકોને કોઈ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર નીચે જણાવેલ અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં (જેનો આમા સદરહું વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) કોઈ મંડળી બનાવી રેલી, સરઘસ કે રેલી સ્વરૂપે આવેદનપત્ર આપવા ઉપર મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ, હું ડી.પી. ચૌહાણ, જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, આથી સદરહું વિસ્તારમાં આ જાહેરનામા અન્વયે તા. ૧૮-૧૧-૨૦૨૫ થી તા. ૦૨-૧૨-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધીની મુદત માટે સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય, અનધિકૃત/ગેરકાયદેસર રીતે ચાર કરતા વધુ વ્યક્તિઓને એકી સાથે ભેગા થવા, કોઈ મંડળી બનાવી રેલી, સરઘસ, દેખાવો કરવા/કાઢવા કે રેલી સ્વરૂપે એકઠા થઈને આવેદનપત્ર આપવા માટે આવવા પર મનાઈ ફરમાવું છું.

**: અનુસુચિ :**

''જિલ્લા સેવા સદન, ભુજ તથા મધ્યસ્થ સેવા સદન, ભુજ, અંજાર, ભચાઉ, મુન્દ્રા, નખત્રાણા, અબડાસા, જિલ્લાના નલિયા, દયાપર, મુંદરા, માંડવી, ભુજ, નખત્રાણા, અંજાર, ગાંધીધામ, ભચાઉ તથા રાપર તાલુકા સેવા સદન તેમજ પોલીસ મહાનિરક્ષકની કચેરી, ભુજ, પોલીસ અધિક્ષક કચેરી, ભુજ, ગાંધીધામ, નાયબ પોલીસ અધિક્ષકની કચેરીઓ, સી.પી.આઈ. ની કચેરી, દરેક પોલીસ સ્ટેશનો તથા ગાંધીધામ મહાનગરપાલિકા કચેરી, જિલ્લાની તમામ નગરપાલિકા કચેરી, જાહેર સ્થળો, દરેક સરકારી કચેરીઓની બહાર કે તમામ સરકારી કચેરીઓના પરિસરથી ૧૦૦ મીટરની ત્રિજ્યાનો વિસ્તાર''.

**આ જાહેરનામું નીચેની વ્યકિતઓ/બાબતને લાગુ પડશે નહી.**

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૩) લગ્નના વરઘોડા તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેથી/સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકે પરવાનગીને.

(૫) સરકારશ્રી દ્વારા આયોજિત કાર્યક્રમો કે અભિયાન.

સદરહું જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આજરોજ તા. ૧૭-૧૧-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

ભુજ-કચ્છ, ૧૭ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

**ડી. પી. ચૌહાણ**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
કચ્છ-ભુજ

---

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો

### હુકમ

નં. મેજી/પોલ-૧/જાહેરનામું/ઉપવાસ/૧૧/૨૦૨૫.-જિલ્લાના જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતા નાગરિકોને કોઈ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર નીચે જણાવેલ અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં (જેનો આમા સદરહું વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, ભુખ, હડતાલ પર બેસવા કે ઉપવાસ ઉપર બેસવા મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ, હું ડી.પી. ચૌહાણ, જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, આથી સદરહું વિસ્તારમાં આ જાહેરનામા અન્વયે તા. ૧૮-૧૧-૨૦૨૫ થી તા. ૦૨-૧૨-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધીની મુદત માટે અનધિકૃત/ગેરકાયદેસર રીતે વ્યકિતએ/વ્યકિતઓને એકી સાથે ભેગા થઈને કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, ભુખ હડતાલ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ પર બેસવા માટે મનાઈ ફરમાવું છું.

**: અનુસુચિ :**

''જિલ્લા સેવા સદન, ભુજ તથા મધ્યસ્થ સેવા સદન, ભુજ, અંજાર, ભચાઉ, મુન્દ્રા, નખત્રાણા, અબડાસા, જિલ્લાના નલિયા, દયાપર, મુંદરા, માંડવી, ભુજ, નખત્રાણા, અંજાર, ગાંધીધામ, ભચાઉ તથા રાપર તાલુકા સેવા સદન તેમજ પોલીસ મહાનિરક્ષકની કચેરી, ભુજ, પોલીસ અધિક્ષક કચેરી, ભુજ, ગાંધીધામ, નાયબ પોલીસ અધિક્ષકની કચેરીઓ, સી.પી.આઈ. ની કચેરી, દરેક પોલીસ સ્ટેશનો તથા ગાંધીધામ મહાનગરપાલિકા કચેરી, જિલ્લાની તમામ નગરપાલિકા કચેરી, જાહેર સ્થળો, દરેક સરકારી કચેરીઓની બહાર કે તમામ સરકારી કચેરીઓના પરિસરથી ૧૦૦ મીટરની ત્રિજ્યાનો વિસ્તાર''.

**આ જાહેરનામું નીચેની વ્યકિતઓ/બાબતને લાગુ પડશે નહી.**

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૩) લગ્નના વરઘોડા તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેથી/સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકે પરવાનગીને.

(૫) સરકારશ્રી દ્વારા આયોજિત કાર્યક્રમો કે અભિયાન.

સદરહું જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આજરોજ તા. ૧૭-૧૧-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

ભુજ-કચ્છ, ૧૭ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

---

## ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો

## હુકમ

નં. મેજી/પોલ-૧/જાહેરનામું/વચેટીયા/૧૧/૨૦૨૫.-જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, કચ્છ ભુજના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવા કે, જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, નગરપાલિકાઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય છે. તાજેતરમાં કેટલાક બનાવો પરથી ઉકત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસર પ્રવૃતિ કરી ઉલટી સીધી વાતો કરી જાહેર જનતાને ભોળવીને કે ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી રીતે લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતા અનઅધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યકિતને/ઈસમો પ્રવૃતિ કરી રહેલ હોવાનું જણાઈ આવેલ છે.

આથી હું, ડી.પી. ચૌહાણ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ-૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયે અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છુ કે,

જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છના કાર્યક્ષેત્રમાં આવેલ ઉકત પેરામાં જણાવ્યા પ્રમાણે જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, ગાંધીધામ મહાનગરપાલિકા કચેરી, જિલ્લાની તમામ નગરપાલિકા કચેરી, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ તેમજ જ્યાં રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી અન્ય તમામ સરકારી જિલ્લાની કચેરીઓમાં પોતાના સરકારી કામ માટે આવેલા હોય અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળકી, સદરહું કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી રીતે લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતા અન અધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યકિતઓ/ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

**: અમલવારીનો સમય :**

આ જાહેરનામાનો અમલ તા. ૧૮-૧૧-૨૦૨૫ થી તા. ૦૨-૧૨-૨૦૨૫ (બન્ને દિવસો સહીત) સુધીનો રહેશે.

**: અમલવારીનો વિસ્તાર :**

જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી-કચ્છની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સદરહું જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમનો જાહેર જનતાની જાણ માટે વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓની કચેરી, પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, પોલીસ સબ ઈન્સપેકટરશ્રીઓ, જિલ્લાની ગ્રામ પંચાયતો ખાતે જાહેરનામાની નકલ ચોંટાડીને પ્રસિધ્ધી કરવાની રહેશે.

આજ રોજ તા. ૧૭-૧૧-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

કચ્છ-ભુજ, ૧૭ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

---

## ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું

## જાહેરનામું

Letter No. : DBD/0476/11/2025.-દિવાળીના તહેવાર દરમ્યાન ચાઈનીઝ તુક્કલ, સ્કાય લેન્ટર્ન ખુબ જ વધારે પ્રમાણમાં આકાશમાં ઉડાડવામાં આવે છે. તુક્કલમાં હલ્કી કવોલીટીના સળગી જાય તેવા વેકસ પદાર્થોને કારણે પર્યાવરણને પણ નુકશાન થાય છે. તેમજ સળગતી તુક્કલ ગમે ત્યાં પડવાના કારણે જાનમાલ, વીજલાઈન તથા જાહેર અને ખાનગી સંપત્તિને ઘણું જ નુકશાન થાય છે. આથી આવી બાબત નિવારવા તેમજ નામદાર હાઈકોર્ટના સમક્ષની રીટ પીટીશન (પી.આઈ.એલ.) નં. ૨૫૩/૨૦૧૬ માં નામ.હાઈકોર્ટના તા. ૧૩-૦૧-૨૦૧૭ ના હુકમથી ચાઈનીઝ તુક્કલ/લેન્ટર્ન જેવી પ્રતિબંધિત સાધનસામગ્રીના ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવેલ ચે. તેમજ નામ.હાઈકોર્ટના તા. ૧૦-૧૦-૨૦૨૫ ના હુકમથી કેવી કેવી દોરીથી પતંગ ચગાવવા માટે વિગતવાર સૂચનાઓ આપેલ છે.

જે બાબતો તદઉપરાંત જાહેર સુરક્ષા, શાંતિ, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે આવા ચાઈનીઝ તુક્કલ, લેન્ટર્નના ઉપયોગ, વેંચાણ, સંગ્રહ તથા ઉત્પાદન પર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

સબબ, હું ભૂપેશ જોટાણીયા(જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, દેવભૂમિ દ્વારકા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ અધિકારની રૂએ આથી ફરમાવું છું કે, સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આગામી તા. ૧૪-૧૧-૨૦૨૫ થી તા. ૧૨-૦૧-૨૦૨૬ (બંને દિવસો સહિત) સુધીના સમયગાળા દરમ્યાન ચાઈનીઝ તુક્કલ/ લેન્ટર્ન, તેમજ એવા પ્રકારના પ્રતિબંધિત સાધનસામગ્રીના ઉત્પાદન, વેંચાણ, ખરીદી, સંગ્રહ તથા ઉત્પાદન કરવા પર સંપુર્ણ રીતે પ્રતિબંધ ફરમાવું છું.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ સજાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ની કલમ-૨૨૩ અન્વયે ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાવી બહાર પાડ્યુ.

દેવભૂમિ દ્વારકા, ૧૪ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

---

## ORDER

### (Under Section 163 of Bharatiya Nagarik Suraksha Sanhita 2023)

### Blue Flag No Transport Zone (Shivrajpur Beach)

Letter No. DBD/0875/11/2025.-WHEREAS, it is hereby informed to Public in general that Shivrajpur Beach, Devbhumi Dwarka has been nominated for Blue Flag certification (an International accreditation for safe and clean beach).

AND WHEREAS, it is further informed that an area covering 5 Kilometre area and up to 300 metre towards landward from the HTL from the designated Beach area at Shivrajpur has been identified as "No Transport Zone" (area nearby the light house (Survey no. 58) to the end of Bay-2 point of the Shivrajpur Beach and up to 300 metre towards landward from the HTL). A "No Transport Zone" is the place where tourists or visitors are strictly restricted to use public or personal or private vehicle transportation within the 5 Square Kilometre areas and up to 300 metre towards landward from the HTL of the designated Beach.

Now, there, in exercise of the powers conferred upon me by section 163 of Bharatiya Nagarik Suraksha Sanhita 2023 I, Bhupesh Jotania, (GAS), Additional District Magistrate, Devbhumi Dwarka, do hereby make this written order for strict compliance by the general public, including the citizens of Shivrajpur and visitors that;

''Public is hereby adivsed to restrict to use or drive any public or personal or private vehicles within the area besides the light house (Surve no. 58) to the end of Bay-2 point of the Sivrajpur Beach, length of 5 Kilometre and up to 300 metre towards landward from the HTL from the designated beach. No other activities which concerned with the driving of any motor vechicles can be undertaken in this designated area''.

This order shall come into force with immediate effect from 28-11-2025 up to 24-01-2026 and shall be effective for a period of 58 Days or unless withdrawn earlier.

Any person contravening this order shall be punishable under section 223 of the Bharatiya Nyaya Sanhita 2023.

As the notice cannot be served individually on all concerned, the order is hereby passed ex-parte. It shall be published for the information of the public through Press and by affixing copies on the notice boards of all the offices at Shivrajpur, including every public place concerned and the concerned offices of the Municipalities and District Panchayat of Devbhumi Dwarka.

The Gujarat Ecology Commission shall display prominently at above mentioned places in the form of bilinbual sign boards mentioning that Using or driving any public or personal or private vehicles within the area besides the light house (Survey no. 58) to the end of Bay-2 point of the Shivrajpur Beach, length of 5 Kilometre and up to 300 metre towards landward from the HTL from the designated beach at Shivrajpur beach, Devbhumi Dwarka is completely restricted and the areas is hereby declared as ''No Transport Zone''.

According to this order, the Head Constable and their above rank police officers who are on duty in Devbhumi Dwarka district are authorized to file a complaint under Section 223 of the Bharatiya Nyaya Sanhita 2023 against the Contravention of this declaration.

Devbhumi Dwarka, 28th November, 2025.

**Bhupesh Jotania**
Additional District Magistrate
Devbhumi Dwarka

---

### ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ની પેટા કલમ-૩ હેઠળનું

### જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/E-2411-1/૨૦૨૫.-ગુજરાતમાં વિવિધ સમાજો, ખેડુતો, વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા અન્ય સંગઠનો દ્વારા વિવિધ માંગણીઓ સબબ આંદોલનો, દેખાવો થવાની સંભાવના રહેલ છે. તે અનુસંધાને અમલમાં રહેલ પ્રતિબંધોને લઈ પોરબંદરમાં પણ આંદોલનો અને દેખાવો થવાની શકયતાને નકારી શકાય નહી તેમજ અન્ય મુદ્દાઓ પરત્વે વિવિધ સામાજીક અને અન્ય પ્રકારના જુથો દ્વારા પ્રદર્શન રેલીઓ કાઢવાની ચેષ્ટાઓ થઈ શકે છે અથવા આકસ્મિક કાર્યક્રમો થવાની શકયતાને કારણે જાહેર સુલેહ શાંતિ ભંગ થવાની શકયતાને નકારી શકાય નહી. પોરબંદર જિલ્લામાં આકસ્મિક અને સ્વયંભૂ રીતે યોજાતી સભા, સરઘસ, રેલી, ધરણા, ઉપવાસ જેવા કાર્યક્રમો વખતે આગમચેતીના પગલા રૂપે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી તા. ૨૧-૧૧-૨૦૨૫ થી દરખાસ્ત થઈ આવેલ છે. આમ પ્રવર્તમાન સંજોગો ધ્યાને લેતા તેમજ પોલીસ અધિક્ષકશ્રી પોરબંદરની દરખાસ્ત મુજબ આ જિલ્લામા ઉકત જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે. જેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ ની પેટા કલમ-૩ થી મળેલ અધિકારની રૂએ હું એન. બી. રાજપુત, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર, આથી સમગ્ર પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા. ૨૭-૧૧-૨૦૨૫ થી તા. ૧૦-૧૨-૨૦૨૫ સુધી બંને દિવસો સહિતની મુદત માટે આંદોલન, દેખાવ, વિરોધ પ્રદર્શન, રેલી કે સરઘસ કાઢવા મનાઈ ફરમાવું છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ સહીતના કાર્યક્રમો.

૨. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી.

૩. સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિત.

૪. લગ્નનો વરઘોડો.

૫. સરકારશ્રી તરફથી યોજવામાં આવતા કાર્યક્રમો.

આ જાહેરનામા અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજ્જાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબ રૂા. ૨૦૦/- સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે. તેમજ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને છ માસની સાદી કેદ અથવા રૂા. ૨,૫૦૦/- સુધીના દંડ અથવા બંને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને એક વર્ષની કેદ અથવા રૂા. ૫,૦૦૦/- (પાંચ હજાર) સુધીના દંડ સહિતની બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૬-૧૧-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૨૬ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

**એન. બી. રાજપુત**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર

---

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની (આંક-૨૨) ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો હુકમ**

## જાહેરનામુ

નં. ડીએમ/વશી/૨૩૦૫/૨૦૨૫.-બોટાદ જિલ્લામાં જુદી-જુદી સંસ્થાઓ/રાજકીય પાર્ટીઓ/અરજદારશ્રીઓ દ્વારા વિવિધ માંગણીઓ તથા રજુઆતો કરવા સભા/સરઘસ/રેલી/ઉપવાસ જેવા કાર્યક્રમ કરતા હોય છે. જેના કારણે તંગદીલી જેવુ વાતાવરણ સર્જાય અને આવા કિસ્સામાં મોટી સંખ્યામાં લોક દ્વારા તેમની રજુઆત કરતા વર્ગવિગ્રહ જેવા બનાવો પણ જિલ્લામાં બનવાની શકયતા હોય છે. તેમજ ભુતકાળના બનાવો ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે અને માલ મિલ્કતને નુકશાન થાય છે. તેવી માહિતી રજુ કરી પોલીસ અધિક્ષકશ્રી બોટાદ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા જણાવેલ છે. જેથી બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ-રેલી-ઉપવાસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવુ જરૂરી જણાય છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, પી. એલ. ઝણકાત, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું સમગ્ર બોટાદ જિલ્લાના વિસ્તારમાં તા. ૧૩-૧૧-૨૦૨૫ ના રોજથી તા. ૨૭-૧૧-૨૦૨૫ (બન્ને દિવસ સહિત) સુધીની મુદત માટે કોઈ પણ સભા/સરઘસ/રેલી/ઉપવાસ માટે મનાઈ હુકમ ફરમાવુ છુ. આદેશ કરૂ છું કે આ હુકમ નીચનાઓને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ

(૨) સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યકિતઓને.

(૫) સબંધિત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી/સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

**અનુસુચિ :**

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ દંડની પણ સજા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલાં વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૧૧-૧૧-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૧૧ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

---

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની (આંક-૨૨) ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો હુકમ**

## જાહેરનામુ

નં. ડીએમ/વશી/૨૩૮૯/૨૦૨૫.-બોટાદ જિલ્લામાં જુદી-જુદી સંસ્થાઓ/રાજકીય પાર્ટીઓ/અરજદારશ્રીઓ દ્વારા વિવિધ માંગણીઓ તથા રજુઆતો કરવા સભા/સરઘસ/રેલી/ઉપવાસ જેવા કાર્યક્રમ કરતા હોય છે. જેના કારણે તંગદીલી જેવુ વાતાવરણ સર્જાય અને આવા કિસ્સામાં મોટી સંખ્યામાં લોક દ્વારા તેમની રજુઆત કરતા વર્ગવિગ્રહ જેવા બનાવો પણ જિલ્લામાં બનવાની શકયતા હોય છે. તેમજ ભુતકાળના બનાવો ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે અને માલ મિલ્કતને નુકશાન થાય છે. તેવી માહિતી રજુ કરી પોલીસ અધિક્ષકશ્રી બોટાદ દ્વારા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા જણાવેલ છે. જેથી બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા જાહેર સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર સભા-સરઘસ-રેલી-ઉપવાસ વગર પરવાનગીએ કોઈ કાઢે નહી તે માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવુ જરૂરી જણાય છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, પી. એલ. ઝણકાત, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, આથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું સમગ્ર બોટાદ જિલ્લાના વિસ્તારમાં તા. ૨૮-૧૧-૨૦૨૫ ના રોજથી તા. ૧૨-૧૨-૨૦૨૫ (બન્ને દિવસ સહિત) સુધીની મુદત માટે કોઈ પણ સભા/સરઘસ/રેલી/ઉપવાસ માટે મનાઈ હુકમ ફરમાવુ છુ. આદેશ કરૂ છું કે આ હુકમ નીચનાઓને લાગુ પડશે નહી.

(૧) ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળીઓ

(૨) સરકારી નોકરીએ અવર જવર કરતી હોય તેવી વ્યકિતને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) સ્મશાન યાત્રા કે જેમાં જોડાનાર વ્યક્તિઓને.

(૫) સબંધિત તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી/સક્ષમ અધિકારીશ્રીની કાયદેસર પરવાનગી લઈને.

**અનુસુચિ :**

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૩) મુજબ દંડની પણ સજા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલાં વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૨૪-૧૧-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૨૪ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

---

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) અન્વયે કાઢેલો હુકમ

## જાહેરનામું

નં. ડી.એમ./વશી/૨૩૫૫/૨૦૨૫.-બોટાદ શહેરમાં ટ્રાફીક સમસ્યા અને લોકોની અવર જવર માટે ટુ-વ્હીલ તથા ફોર વ્હીલ વાહનોના ઉત્તરોત્તર વધારો થવાના કારણે બોટાદ શહેરની ભૌગોલિક પરિસ્થિતિ ધ્યાને લેતા સાળંગપુર થી પાળીયાદ તરફ જવાના માર્ગે કે જે સાળંગપુર રોડ ત્રણ રસ્તાથી ગોંડલ પાન પેલેસથી મસ્તરામ મંદિર સતવારા બોર્ડીંગ થઈ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલ પંપ સામેથી પાળીયાદ રોડ ઉપર પ્રવેશ જાહેરનામુ બહાર પાડવામાં આવેલ. આ રોડ પરથી આવતાં ટ્રાફીકને ફકત સાળંગપુર રોડ પરથી પ્રવેશ માટે જાહેર કરવો તથા તેવી જ રીતે પાળીયાદ તરફથી સાળંગપુર તરફ જતાં વાહનો માટે હવેલી ચોકથી મોબાઈલ બજાર, કરમશી ભવાન કિરાણા સ્ટોર (તરાના પાન) થી ટાવર રોડ સુધી રૂટ એકમાર્ગીય જાહેર કરવો ખૂબ જરૂરી જણાય છે.

ઉપરાંત પીક-અવર્સ દરમ્યાન એટલે કે સવારના ૧૦-૦૦ કલાકથી ૧૪-૦૦ કલાક તથા સાંજે ૧૬-૦૦ કલાક થી ૨૦-૦૦ કલાક સુધી ભારે વાહનો માટે પ્રવેશ નિષેધ જાહેર કરવો જરૂરી જણાય છે. તેમજ હવેલી ચોકથી દિનદયાળ ચોક અને હીરા બજારમા થતી ટ્રાફીક સમસ્યા નિવારવા ફકત એક બાજુ એકી-બેકી તારીખે એટલે કે એકી તારીખે જમણી બાજુ બેકી તારીખે ડાબી બાજુ દ્વી ચક્રીય વાહનો પાર્ક કરવા જાહેરનામુ બહાર પાડવાથી ટ્રાફીક વ્યવસ્થા નિવારી શકાય તેમ છે.

પોલીસ અધિક્ષકશ્રી તરફથી રજુ થયેલ દરખાસ્ત અન્વયે બોટાદ શહેરમાં હવેલી ચોકથી આગળ પાળીયાદ રોડ ઉપરના ચામુંડા લોજની સામેના ખાંચામાં ફોર્ચ્યુન હોસ્પીટલ, યજ્ઞેશ હોસ્પીટલ, અમર હોસ્પીટલ, શ્રધ્ધા હોસ્પીટલ તેમજ ડાભી ગેસ્ટહાઉસ વિગેરે આવેલ હોય દર્દીઓ/લોકોના વાહનોની અવર જવર ટ્રાફિક સમસ્યા નિવારવા માટે પાળીયાદ રોડ પરથી આવતા વાહનોને ફોર્ચુન હોસ્પીટલ વાળા ખાચામાં જવા માટે એક માર્ગીય પ્રવેશ રૂટ કરવો તથા ફોર્ચુન હોસ્પીટલ વાળા ખાંચા માંથી પાળીયાદ રોડ તરફ બહાર નિકળવા માટે પ્રજાપતિ સમાજની વાડી બોઈઝ હાઈસ્કુલ હવેલી ચોક અથવા પટેલ ઈલેકટ્રોવિઝન વાત્સલ્ય વુમન કેર મોચી સમાજની વાડી વડોદરીયા હોસ્પીટલ પાળીયાદ રોડ તરફ એક માર્ગીય પ્રવેશ રૂટ નકકી કરવો જરૂરી જણાય છે.

આ અંગે પોલીસ અધિક્ષકશ્રી, બોટાદના તા. ૧૭-૧૧-૨૦૨૫ ના પત્ર ક્રમાંક ટ્રાફિક/ભારે વાહન/પાર્કિંગ/વન-વે/૧૦૦૫/૨૦૨૫ થી દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (બી) નીચે મને મળેલ અધિકારની રૂએ હું, પી. એલ. ઝણકાત, (G.A.S.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ નીચે મુજબના રસ્તા ઉપર વાહનોને પસાર થવાનું ફરમાવું છું.

(૧) બોટાદ શહેરમાં રેલ્વે સ્ટેશન રોડ, નવ નિર્મિત અન્ડરબ્રિજ, સાળંગપુર રોડ તથા ટાવર રોડ પરથી પાળીયાદ તરફ જતા વાહનોને ફકત સાળંગપુર ત્રણ રસ્તાથી ગોંડલ પાન પેલેસથી મસ્તરામ મંદિર-સતવારા બોર્ડીંગ થઈ કાબા રૂપાની વાડીથી વકીલ પેટ્રોલપંપ સામેથી પાળીયાદ રોડ ઉપર પ્રવેશ કરવાનો રહેશે.

(૨) તેવી જ રીતે પાળીયાદ રોડ તરફથી આવતા વાહનો ટાવર રોડ, રેલવે સ્ટેશન રોડ તથા સાળંગપુર જતાં વાહનોને હવેલી ચોકથી મોબાઈલ બજાર-કરમશી ભવાન કિરાણા સ્ટોર (તરાના પાન) થી ટાવર રોડ પર પ્રવેશ કરવાનો રહેશે.

(૩) હવેલી ચોકથી દિનદયાળ ચોક અને હિરા બજારમાં ટ્રાફીક સમસ્યા નિવારવા ફકત એકબાજુ દ્વિ-ચક્રી વાહનો પાર્ક કરવા એટલે કે, એકી તારીખે જમણી બાજુ તથા બેકી તારીખે ડાબી બાજુ વાહનો પાર્ક કરવાના રહેશે.

(૪) બોટાદ શહેરમાં પીક-અવર્સ દરમ્યાન એટલે કે સવારના ૧૦-૦૦ કલાકથી ૧૪-૦૦ કલાક તથા સાંજે ૧૬-૦૦ કલાક થી ૨૦-૦૦ ભારે વાહનો માટે પ્રવેશ નિષેધ રહેશે.

(૫) ફોર્ચુન હોસ્પીટલ વાળા ખાચામાં જવા માટે એકમાર્ગીય પ્રવેશ રૂટ કરવો તથા ફોર્ચુન હોસ્પીટલ વાળા ખાંચા માંથી પાળીયાદ રોડ તરફ બહાર નિકળવા માટે પ્રજાપતિ સમાજની વાડી બોઈઝ હાઈસ્કુલ-હવેલી ચોક અથવા પટેલ ઈલેકટ્રોવિઝન-વાત્સલ્ય વુમન કેર-મોચી સમાજની વાડી-વડોદરીયા હોસ્પીટલ-પાળીયાદ તરફ એક માર્ગીય પ્રવેશ રૂટ નકકી કરેલ છે.

આ જાહેરનામું તા. ૧૯-૧૧-૨૦૨૫ થી તા. ૧૮-૧૨-૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૧૭-૧૧-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

બોટાદ, ૧૭ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

---

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ તેમજ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા કલમ-(૧)(બી)(સી) અન્વયેનું**

## જાહેરનામું

નં. ડી.એમ./વશી/૨૩૫૬/૨૦૨૫.-શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણી કરવાનું સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ હોય આ જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે તા. ૨૧-૧૧-૨૦૨૫ ના રોજ ગઢડા તાલુકાના માંડવા ગામથી મોટા ઉમરડા સુધી બોટાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તાલુકા કક્ષાના પદયાત્રા કાર્યક્રમનું આયોજન કરેલ છે. જેમાં મોટી સંખ્યામાં જન મેદની એકત્રીત થનાર છે.

પોલીસ અધિક્ષકશ્રી, બોટાદનાં તા. ૧૭-૧૧-૨૦૨૫ નાં પત્ર ક્રમાંક : ટ્રાફીક/રખડતા ઢોર/પ્રતિબંધ/જાહેરનામુ/૧૦૦૭/૨૦૨૫ આ જન્મ જયંતીની ઉજવણીનાં ભાગરૂપે ગઢડા તાલુકાનાં માંડવા ગમ થી મોટા ઉમરડા સુધી જાહેર માર્ગો પર પશુઓને ઘાસચારો નાખવાથી લોકોના સ્વાસ્થ્ય અને જાહેર માર્ગ સલામતિને ભયરૂપ હોય, જેથી માર્ગ અકસ્માત નિવારવા અને આમ જનતાની સલામતિના હેતુસર પદયાત્રા વિસ્તારના જાહેરમાર્ગ, ફૂટપાથ તથા જાહેર સ્થળો ઉપર કોઈ પણ વ્યકિત દ્વારા ઘાસચારાનું વેચાણ કરવા તથા માલીકીનાં રખડતા ઢોરને જાહેર રસ્તા પર છોડી ન મુકવા તેમજ જાહેરમાં પશુઓને ઘાસચારો નાખવા તેમજ રાખવા સમગ્ર બાબતો ઉપર પ્રતિબંધ ફરમાવવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, વાહન ચાલકો અને જાહેર જનતાની સલામતી જળવાઈ રહે તથા ટ્રાફિક નિયમન થઈ શકે તેમજ મનુષ્યનાં જાન, સ્વાસ્થ્ય તથા સલામતી જળવાઈ રહે તે માટે થઈ આવેલ દરખાસ્ત ઉચીત હોવાનું જણાતુ હોઈ, હું, પી. એલ. ઝણકાત(G.A.S.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૧૬૩ તેમજ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧)(બી)(સી) થી મલેલ અધિકારની રૂએ નીચે મુજબ કરવાનું ફરમાવું છું.

**અમલવારી :**

(૧) ગઢડા તાલુકાના માંડવા ગામ થી મોટા ઉમરડા સુધી જાહેર માર્ગો, ફુટપાથ તથા અન્ય જાહેર સ્થળો ખાતે કોઈ પણ વ્યકિતને ઘાસચારાનું વેચાણ કરવું નહિ કે જાહેરમાં ઘાસચારો નાખવો નહિ.

(૨) ગઢડા તાલુકાના માંડવા ગામ થી મોટા ઉમરડા સુધી માલિકીનાં ઢોરને જાહેરમાં તેમજ રસ્તાઓ ઉપર છોડી મુકવા નહિ કે રખડતા ભટકતા રહે તેમ રાખવા નહિ કે છોડી મુકવા નહિ.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંગન કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ તેમજ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામાનાં ભંગ બદલ ગુન્હો માંડવા માટે પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનાં પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામું તા. ૨૧-૧૧-૨૦૨૫ ના કલાક ૦૦-૦૦ વાગ્યાથી કલાક ૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામું તા. ૧૭-૧૧-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેર જનતાની તથા અમલ થવા માટે પ્રસિધ્ધ કર્યું.

બોટાદ, ૧૭ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

---

## જાહેરનામું

નં. ડી.એમ./વશી/૨૩૧૮/૨૦૨૫.-બોટાદ જિલ્લામાં આવેલ સેન્સેટીવ ઝોન જેવા કે, શ્રી કષ્ટભંજન હનુમાનજી મંદિર સાળંગપુર, BAPS સ્વા. મંદિર સાળંગપુર, સ્વામીનારાયણ મંદિર કુંડળ, ભીમનાથ મહાદેવ મંદિર, વિસામણ બાપુની જગ્યા પાળીયાદ, ગોપીનાથજી દેવ સ્વામીનારાયણ મંદિર ગઢડા, BAPS સ્વા. મંદિર ગઢડા તથા ટેલીફોન એક્ષચેન્જ બોટાદ, બરવાળા, ગઢડા તથા બોટાદ જિલ્લામાં આવેલ મોટા ડેમો જેમાં ઉતાવળી ડેમ ગુંદા, સુખભાદર ડેમ નાના છૈડા, ભીમડાદ ડેમ, ઈતરીયા ડેમ, લીંબાળી ડેમ, કાળુભાર ડેમ તથા પાણીના પંમ્પીંગ સ્ટેશન નાવડા તથા ગઢડા તથા સોનાવાલા હોસ્પીટલ બોટાદ તથા CHC હોસ્પીટલ ગઢડા તથા મધુસુદન ડેરી ગઢડા તથા ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટ બોટાદ, કલેકટર કચેરી બોટાદ, તથા જિલ્લા પંચાયત કચેરી બોટાદ, તથા બોટાદ જિલ્લા વિસ્તારમાં આવેલ વિજળી પાવર સપ્લાયર સબ સ્ટેશનો વિગેરે સંસ્થાનોને રેડ/યલો ઝોનમાં ભારત સરકારશ્રીના ગૃહ મંત્રાલયની SOP અને Drone rules-2021 મુજબ વર્ગીકૃત કરવામાં આવેલ છે. જેમાં બોટાદ જિલ્લામાં કુલ-૫૮ સ્થળોને રેડ/યલો ઝોનમાં મુકવામાં આવેલ છે.

જેથી બોટાદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટીએ સેન્સેટીવ વિસ્તારો/સંસ્થાનોને ડ્રોન (UAV) જેવા સંસાધનોથી દેશ વિરોધી સંગઠનો, આંતકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઈ તેની સુરક્ષાને હાનિ ન પહોંચાડે તે સારૂ ઉપરોકત જણાવેલ વિસ્તારોમાં પરવાનગી વગર ડ્રોન (UAV) નો ઉપયોગ ન થાય તે માટે પ્રતિબંધ ફરમાવવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, બોટાદના પત્ર નં. એસઓજી/ડ્રોન કેમેરા/જાહેરનામું/૯૯૫/૨૦૨૫, તા. ૧૦-૧૧-૨૦૨૫ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે ધ્યાને લઈને પરવાનગી વગર ડ્રોન (UAV) નો ઉપયોગ ન થાય તે અંગેનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

પોલીસ અધિક્ષકશ્રી, બોટાદએ કરેલ દરખાસ્ત મુજબના સ્થળોએ પરવાનગી વગર ડ્રોન (UAV) નો ઉપયોગ ન થાય તે અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરવાની જરૂર જણાતી હોઈ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ હું બી. એ.પટેલ (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, નીચે મુજબના સ્થળો/વિસ્તાર પાસે પરવાનગી વગર ડ્રોન (UAV) નો ઉપયોગ કરવા અંગે પ્રતિબંધ ફરમાવું છું.

| Name of Place | Full Postal Address | Criterion of recommendation (As per Point no 4 of MHA SOP Dated 16-12-2016 Please mention exact category amongst sub point "a" to "n" | Recommended Zone Red/Yellow | Latitude | Longitude | Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov-2018 |
|---|---|---|---|---|---|---|
| 66 KV Electric Power Sub Station Kanara | At-Kanara Ranapur Dhandhuka Road Ta-Ranpur Dis-Botad | J | RED | 22.349857 | 71.7312 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Power Sub Station Moti Vavadi GETCO | At-Moti Vavadi Ta-Rnapur Dis-Botad | J | RED | 22.279123 | 71.78115 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Power Sub Station Chandarava GETCO | At-Chandarava Ta-Rnapur Dis-Boad | J | RED | 22.259796 | 71.850654 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Power Sub Station Alampur | At-Alampur Ta-Rnapur Dis-Botad | J | RED | 22.316744 | 71.663368 | 100 mtr distance from perimeter |
| Utavali Dam At-Gunda Ta-Rnapur Dis-Botad | Utavali Dam At-Gunda Ta-Rnapur Dis-Botad | J | YELLOW | 22.191062 | 71.793647 | 2 km distance from perimeter |
| Barwala Bus Station | Ranapur Road, Barawala Ta-Barawala Dis-Botad | L | YELLOW | 22.158068 | 71.892087 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Power Sub Station Salangapur | Barawala Botad high way Salangpur Ta-Barawala Dis-Botad | J | RED | 22.163115 | 71.774062 | 100 mtr distance from perimeter |
| 132 KV Electric Power Sub Station Barawala | Ranapur Road Barawala Ta-Barawala Dis-Botad | J | RED | 22.161576 | 71.886829 | 100 mtr distance from perimeter |
| Telephone Exchange Barawala | Vallabhipur Dhandhuka high way Barawala Ta-Barawala Dis-Botad | M | YELLOW | 22.154494 | 71.896381 | 100 mtr distance from perimeter |
| Bhimanath Railway Station | Bhimanath Village Ta-Barawala Dis-Botad | G | YELLOW | 22.240036 | 71.92244 | 50 mtr distance from perimeter |
| Shree Kashtabhanjan Hanumanaji Mandir Salangpur | Salangpur Village Ta-Barawala Dist-Botad | G | YELLOW | 22.158925 | 71.771024 | 100 mtr distance from perimeter |
| BAPS Swaminarayan Temple Salangpur | Salangpur Village Ta-Barawala Dis-Botad | G | YELLOW | 22.157062 | 71.770616 | 100 mtr distance from perimeter |
| Swaminarayan Temple Kundal | Kundal Village Ta-Barawala Dis-Botad | G | YELLOW | 22.163882 | 71.861865 | 100 mtr distance from perimeter |
| Bhimanath Mahadev Temple | Bhimanath Village Ta-Barawala Dis-Botad | G | YELLOW | 22.246473 | 71.923145 | 100 mtr distance from perimeter |

| Name of Place | Full Postal Address | Criterion of recommendation (As per Point no 4 of MHA SOP Dated 16-12-2016 Please mention exact category amongst sub point "a" to "n" | Recommended Zone Red/Yellow | Latitude | Longitude | Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov-2018 |
|---|---|---|---|---|---|---|
| Khambhada Dam | Khambhada Village Ta. Barawala Dis-Botad | J | YELLOW | 22.16266 | 71.793643 | 2 km distance from perimeter |
| Navada Punping Station | Navad Village Ta. Barawala Dis-Botad | J | YELLOW | 22.167448 | 71.960543 | 500 mtr distance from perimeter |
| Pujaya Vishamanbapuni Jagya Temple, Paliyad | At-Paliyad Ta-Botad Dis-Botad | G | YELLOW | 22.2597258 | 71.56104305 | 100 mtr distance from perimeter |
| 132 KV Electric Power Sub Station, Babarkot | At-Babarkot, Ta-Botad Dist-Botad | J | RED | 22.259526045624686, | 71.570983 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Power Sub Station Turkha | At-Turkha Ta-Botad, Dist-Botad | J | RED | 22.154481500372476, | 71.53448692 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Power Sub Station Hadadad | At-Haddad Ta-Botad Dist-Botad | J | RED | 22.197207454733654, | 71.62261841 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Power Sub Station Ratanpar | At-Ratanpar Ta-Botad Dist-Botad | J | RED | 22.286990994196564, | 71.53783584 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Power Sub Station, Sarava | At-Sarva Ta-Botad Dist-Botad | J | RED | 22.210212850063456, | 71.48523157 | 100 mtr distance from perimeter |
| Sukhbhadar Dam, Nana Chhaida | At-Nana Chhaida Ta-Botad Dist-Botad | J | YELLOW | 22.344558789072355, | 71.53877463 | 2 km distance from perimeter |
| 220 KV Electric Power Sub Station Dhasa | At-Rajkot Bhavanagar Road Dhasa Ta-Gadhada Dis-Botad | J | RED | 21.802526 | 71.511355 | 100 mtr distance from perimeter |
| Railway Station Dhasa | At-Dhasa Jn. Dhasa Ta-Gadhada Dis-Botd | L | YELLOW | 21.783473 | 71.518777 | 50 mtr distance from perimeter |
| 66 KV Electric Power Sub Stations Malapara | At-Gadhada Road Malapara Ta-Gadhada Dist-Botad | J | RED | 21.855594 | 71.537501 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Power Sub Stations Gadhada | Samakatha Dhasa road Gadhada Ta-Gadhada Dis-Botad | J | RED | 21.956268 | 71.567855 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Power Sub Stations Rojmal | At. Rojmal Gam Ta-Gadhada Dis-Botad | J | RED | 21.998792 | 71.472488 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Power Sub Stations Gadhali | At. Gadhali gam Ta-Gadhada Dis-Botad | J | RED | 21.887314 | 71.617053 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Power Sub Stations Bhimdad | At. Bhimdad gam Ta-Gadhada Dis-Botad | J | RED | 22.083896 | 71.570809 | 100 mtr distance from perimeter |

| Name of Place | Full Postal Address | Criterion of recommendation (As per Point no 4 of MHA SOP Dated 16-12-2016 Please mention exact category amongst sub point "a" to "n" | Recommended Zone Red/Yellow | Latitude | Longitude | Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov-2018 |
|---|---|---|---|---|---|---|
| 66 KV Electric Power Sub Stations Tatam | At. Pipliya road Tatam ta-Gadhada Dis-Botad | J | RED | 22.05227 | 71.632438 | 100 mtr distance from perimeter |
| Bhimadad Dam | Bhimadad Gadhada Ta-Gadhada Dis-Botad | J | YELLOW | 22.085473 | 71.576305 | 2 km distance from perimeter |
| Itariya Dam | Itariya Ta-Gadhada Dis-Botad | J | YELLOW | 21.964878 | 71.391385 | 2 km distance from perimeter |
| Limbadi Dam | Limbali Ta-Gadhada Dis-Botad | J | YELLOW | 21.981605 | 71.469478 | 2 km distance from perimeter |
| Kalubhar Dam | Gadhali Ta-Gadhada Dis-Botad | J | YELLOW | 21.861227 | 71.62992 | 2 km distance from perimeter |
| Telephone Akchenage | Fulwadi Same Gadhada Ta-Gadhada Dis-Botad | M | YELLOW | 21.969566 | 71.574246 | 100 mtr distance from perimeter |
| Gopinathaji Dev Swaminarayan mandir, Gadhada | Gadhada Ta.-Gadhada Dis.-Botad | G | YELLOW | 21.966598 | 71.574786 | 100 mtr distance from perimeter |
| BAPS Mandir, Gadhada | Ghelo Nadina Kadhe Gadhada Ta.-Gadhada Dis.-Botad | G | YELLOW | 21.964414 | 71.573105 | 100 mtr distance from perimeter |
| Sub Jail, Gadhada | Juna Mandir same Gadhada Ta.-Gadhada Dis.-Botad | M | RED | 21.966413 | 71.575347 | 250 mtr distance from perimeter |
| Water Pumping station Gadhada | Dholiya ota Gadhada Ta.-Gadhada Dis.-Botad | J | YELLOW | 21.969521 | 71.590172 | 100 mtr distance from perimeter |
| C.H.C. Gadhada | Samakatha Adatala Road Gadhada Ta.-Gadhada Dis.-Botad | G | YELLOW | 21.96226 | 71.580026 | 100 mtr distance from perimeter |
| Madhusudan Dairy Gadhada | Botad district cooperative milk producers union ltd. Gadhada road Ta.-Gadhada Dis.-Botad | L | YELLOW | 21.995519 | 71.594459 | 100 mtr distance from perimeter |
| District and Sessions Court Botad | Khas road Botad-364710 | C | YELLOW | 22.183436 | 71.682699 | 100 mtr distance from perimeter |
| Superintendent of Police office Botad | Khas road Botad-364710 | M | YELLOW | 22.180212 | 71.679768 | 100 mtr distance from perimeter |
| Collector Office | Khas Road, Botad-364710 | M | YELLOW | 22.180854 | 71.681104 | 100 mtr distance from perimeter |
| District Panchayat Office | Khas Road, Botad-364710 | M | YELLOW | 22.181068 | 71.680546 | 100 mtr distance from perimeter |
| Telephone Exchange, Botad | Near Nava Nala, Botad-364710 | M | YELLOW | 22.167936 | 71.671448 | 100 mtr distance from perimeter |

| Name of Place | Full Postal Address | Criterion of recommendation (As per Point no 4 of MHA SOP Dated 16-12-2016 Please mention exact category amongst sub point "a" to "n" | Recommended Zone Red/Yellow | Latitude | Longitude | Extend/Limit of Buffer Zone where drones will be restricted as per MHA circular dated 8th Nov-2018 |
|---|---|---|---|---|---|---|
| ST Bus Station Botad | Paliyad Road, Botad-364710 | L | YELLOW | 22.17478 | 71.658371 | 100 mtr distance from perimeter |
| Botad Junction | Tower Road, khodiyarnagar, Botad-364710 | L | YELLOW | 22.182314 | 71.665662 | 100 mtr distance from perimeter |
| Sonavala Hospital Botad | Kadar setha ni vadi Ta-Botad, Dis-Botad-364710 | G | YELLOW | 22.17483 | 71.66924 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Sub Station, Botad | Gadhda Road, Ta-Botad, Dis-Botad-364710 | J | RED | 22.149698 | 71.659470 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Sub Station, Lakheni | At. Vill. Lakheni Ta-Botad, Dis-Botad-364710 | J | RED | 22.038286 | 71.802797 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Sub Station, Botad | Khasa Road, Ta-Botad, Dis-Botad-364710 | J | RED | 22.172921 | 71.690269 | 100 mtr distance from perimeter |
| 220 KV Electric Sub Station, Samdhiyala No-1 | Samdhiyala No-1, Botad-364710 | J | RED | 22.14823 | 71.7339 | 100 mtr distance from perimeter |
| 132 KV Electric Sub Station, Lathidad | Lathidad, Ta-Botad, Dis-Botad-364710 | J | RED | 22.100156 | 71.776474 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Sub Station, Keriya No-1 | Keriya No-1 Ta-Botad, Dis-Botad-364710 | J | RED | 22.019663 | 71.731721 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Sub Station, Jalalpur | Jalalpurgam, Ta-Gadhada, Dis-Botad-364710 | J | RED | 21.777369 | 71.591601 | 100 mtr distance from perimeter |
| 66 KV Electric Sub Station, Ingorala | Ingorala, Ta-Botad, Dis-Botad-364710 | J | RED | 21.903473 | 71.506413 | 100 mtr distance from perimeter |

આ જાહેરનામું તા. ૨૧-૧૧-૨૦૨૫ થી તા. ૧૯-૦૧-૨૦૨૫ (૨-માસ બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ સજા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા ફરજ પરના અધિકારીશ્રીને અધિકાર રહેશે.''

આ જાહેરનામું ઉપર નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૧૭-૧૧-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું.

બોટાદ, ૧૭ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

**પી. એલ. ઝણકાત**
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
બોટાદ.

## જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSJNG/0048/11/2025.-

નીચે મુજબની મંડળીઓ જણાવેલ નોંધણી નંબર થી સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓ-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે જણાવેલ તારીખે નોંધવામાં આવી.

| Cooperative Society Name | Place | Taluka | District | Registration Number | Registration Date |
|---|---|---|---|---|---|
| શ્રી રામદેવ ઓર્ગેનીક ગ્રોઅર નેચરલ ફાર્મીંગ કો.ઓપ.સોસા. લી. | ખુંભડી | વંથલી | જુનાગઢ | CSJUNSENF202501959 | 10-11-2025 |
| શ્રી આદેશ ખેડુત સેવા સ.મં.લી | આછીદ્રા | માળીયા | જુનાગઢ | CSJUNSE202501960 | 10-11-2025 |
| શ્રી એકતા કલ્સ્ટર ફેડરેશન વિવિધલક્ષી સ.મં.લી | અજાબ | કેશોદ | જુનાગઢ | CSJUNSA202501958 | 10-11-2025 |
| શ્રી શિવ ખેત ઉત્પાદક સ.મં.લી | ચુડા | ભેંસાણ | જુનાગઢ | CSJUNSEFPO202502014 | 15-11-2025 |

જુનાગઢ, ૧૭ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

એન. ડી. ગોહિલ
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ, જુનાગઢ

---

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તા. ૨૧-૦૭-૨૦૧૧ ના જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ

(૨) અત્રેની કચેરીના ફડચાનો અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ગ-૩/૧૮૧ થી ૧૯૦/૨૦૧૩, તા. ૦૫-૦૨-૨૦૧૩

(૩) સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ અમરેલીના પત્ર ક્રમાંક : ફડચ/સઅફ/૬૩૭/૨૦૨૫, તા. ૨૨-૦૯-૨૦૨૫ થી રજુ થયેલ દરખાસ્ત

(૪) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : DRCSAMR/0032/09/2025, dt. 03-10-2025 ની જાહેર નોટીસ

(૫) સહકારી અધિકારી (ફડચો) લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલીના પત્ર ક્રમાંક : ફડચ/સઅફ/૪૨૩/૨૦૨૫, તા. ૧૦-૧૧-૨૦૨૫ થી રજુ થયેલ અભિપ્રાય.

### હુકમ

ક્રમાક : સકક/ફડચ/ગ-૩/e-sarkar/૩૦૮૪/૨૦૨૫.-આથી હું એસ. આર. અણીયાળીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી, ગુજરતા સહકારી મંડળી અધિનિયમ સને-૧૯૬૧ની કલમ-૧૯(ખ) ની જોગવાઈઓ તથા મને મળેલ સત્તાની રૂએ શ્રી મોટા મુંજીયાસર અનુસૂચિત જાતી સામુદાયિક ખેતી સહકારી મંડળી લી., મુ. મોટા મુંજીયાસર, તા. બગસરા, જિ. અમરેલી કે જેનો નોંધણી નંબર સ.ખે.૯૫૫, તા. ૨૧-૦૯-૧૯૬૫ થી નોંધાયેલ છે. તેને પુનઃજીવીત કરવાનો હુકમ કરવામાં આવે છે. મંડળીએ તેના ઉદેશો મુજબની કામગીરી હાથ ધરવાની રહેશે.

અમરેલી, ૧૩ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

એસ. આર. અણીયાળીયા
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ
અમરેલી

### નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/૦૧/ક-૨/૨૭૬/૨૮૩૬/૨૦૨૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, શ્રી સચિયાર કન્ઝુમર કો-ઓપરેટીવ સોસાયટી લી., રવેચી ટ્રાન્સપોર્ટ, નંદાસર રોડ, સેલારી નાકા, રાપર, તા. રાપર, જિ. કચ્છને સને-૧૯૬૧ (સને-૧૯૬૨ના ગુજરાતના કાયદા-૧૦) કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTBHA202501834

ભુજ-કચ્છ, ૧૭ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

એમ. એલ. અગરવાલ
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ
ભુજ-કચ્છ

---

### નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. નધણ/૦૧/ખ-૩/૬૪૩/૨૦૨૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી ગણધોળ સેવા સહકારી મંડળી લી., મું. ગણધોળ, તા. પાલીતાણા, જિ. ભાવનગરની સને-૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

REG NO. CSBAVSE202502088

ભાવનગર, ૨૮ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

---

### નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. નધણ/૦૧/ખ-૩/૬૪૫/૨૦૨૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી મોણપુર ઓર્ગેનિક ફાર્મર્સ ગૃપ કો-ઓપ. સોસાયટી લી., મું. મોણપુર, તા. વલ્લભીપુર, જિ. ભાવનગરની સને-૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

REG NO. CSBAVSENF202502069

ભાવનગર, ૨૬ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. નઘણ/૦૧/ખ-૩/૬૪૯/૨૦૨૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી રાજગઢ ઓર્ગેનિક ફાર્મર્સ ગૃપ કો-ઓપ. સોસાયટી લી., મું. રાજગઢ, તા. ભાવનગર, જિ. ભાવનગરની સને-૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

REG NO. CSBAVSENF202502071

ભાવનગર, ૨૬ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

## નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. નઘણ/૦૧/ખ-૩/૬૫૫/૨૦૨૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગર, આથી જાહેર કરે છે કે, શ્રી મોદા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. મોદા, તા. મહુવા, જિ. ભાવનગરની સને-૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

REG NO. CSBAVSEMILK202502075

ભાવનગર, ૨૬ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

**એ. ડી. દેસાઈ**
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ
ભાવનગર

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No : DRCSRJ/0157/11/.નં.CSRAJSE202502078/2025.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી સરદાર સેવા સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : મહિકા, તાલુકો : રાજકોટ, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૭ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

## નોંધણીનું પ્રમાણપત્ર

Letter No : DRCSRJ/0162/11/.નં.CSRAJSE202502092/2025.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી માલીયાસણ કિશાન સેવા સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : માલીયાસણ, તાલુકો : રાજકોટ, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૮ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

**ડૉ. બી. એન. પટેલ**
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ
રાજકોટ

Government Press & Stationery, Rajkot.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2025.12.18 13:47:36 IST